RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 06 * Date: 25.10.2026,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

જ્ઞાનેશ કુમાર સામે વિરોધ શરૂ, ચૂંટણી પંચને ઘેરવા જતા અનેકની અટકાયત



મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે દેશભરમાં વિરોધ પ્રદર્શનો તેજ બન્યા છે. દિલ્હી સહિત ૧૮ રાજ્યોના ૮૮ શહેરોમાં ખેડૂત સંગઠનો, ટ્રેડ યુનિયનો, વિદ્યાર્થીઓ અને એક્ટિવિસ્ટોએ ચૂંટણી પંચની ઓફિસો તરફ રેલીઓ કાઢી હતી. દિલ્હીમાં ૧૦૦થી વધુ લોકોની અટકાયત કરાઈ હતી. આ આંદોલનમાં ૧૪૫થી વધુ સંગઠનો જોડાયા છે અને ૧ નવેમ્બર સુધી પ્રદર્શનો ચાલુ રહેશે૧૮ રાજ્યોના ૮૮ શહેરોમાં શુક્રવારથી ૧ નવેમ્બર સુધી દેખાવો થશે, ૧૪૫થી વધુ સંગઠનો સામેલ થશે : આયોજકોનેહાએ બોન્ડ સાઇન કરવા પડશે : હાઇકોર્ટમાં રાહત નહીંનવી દિલ્હી : મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શનો વધવા લાગ્યા છે. વોટચોરી, કરોડો મતદારોના નામોને યાદીમાંથી રદ કરવા સહિતના આરોપોનો સામનો કરી રહેલા જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી સાથે શુક્રવારે દિલ્હી સહિત અનેક સ્થળે વિરોધ પ્રદર્શનો થયા હતા. અત્યાર સુધી માત્ર જેન-ઝી અને વિપક્ષ જ વિરોધ કરી રહ્યો હતો હવે તેમાં ખેડૂતો, ટ્રેડ યુનિયનો, એક્ટિવિસ્ટ્સ પણ જોડાયા છે અને ચૂંટણી પંચની ઓફિસો તરફ દરમિયાન કાળા રંગના બર્ગમેન સ્કૂટર સાથે આવી પહોંચેલા શખસને કોર્ડન કરી અટકાવવામાં આવ્યો હતો. પૂછપરછમાં તેણે પોતાનું નામ જાવેદ ઉર્ફે માસ્ટર ગુલામઅહેમદ પઠાણ (ઉં.વ. ૪૨, રહે. અલ્લાહનગર, રહેમાની મહોલ્લા, કાયનાત કિરાણા સ્ટોર પાસે, બહેરામપુરા, દાણીલીમડા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે સ્કૂટરની તપાસ કરતા સ્કૂટરની ડીકીમાંથી કાપડની થેલી તથા પ્લાસ્ટિકના ઝભલામાંથી કોડીન ફોસ્ફેટયુક્ત કફ સીરપની બોટલો મળી આવી હતી. બોટલોનું પ્રાથમિક પરીક્ષણ કરી તેમાં નશાકારક કોડીન ફોસ્ફેટ હોવાનું પ્રાથમિક તારણ આપ્યું હતું.કફ સીરપની ૫૬ બોટલ મળી આવી?જમ કરાયેલા જથ્થામાં ઝ્રઁર્ઢર્લ્હજી્ કંપનીની ૧૦૦ ૬ઙ્મ ની ૨૯ બોટલ તથા ઠ્ઠર્સ્ઈ કંપનીની ૧૦૦ ૬ઙ્મ ની ૨૭ બોટલ મળી કુલ ૫૬ બોટલ મળી આવી હતી. આ તમામ બોટલો પરથી મેન્યુફેક્ચરિંગ લાયસન્સ નંબર, બેચ નંબર, ઉત્પાદન તારીખ તથા એક્સપાયરી ડેટ જાણીજોઈને ભૂંસી નાખવામાં આવી હતી. આરોપી પાસેથી મોબાઇલ ફોન, રોકડા મળી કુલ ૧.૨૬ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાયો છે. પૂછપરછમાં જાવેદે કબૂલાત કરી હતી કે આ જથ્થો તેણે બહેરામપુરા ઢોર બજાર સામે પીરાણા રોડ પર રહેતા અલ્તાફ ઉર્ફે ઘેટો પાસેથી છૂટક વેચાણ કરવા માટે મેળવ્યો હતો. પોલીસે બંને વિરુદ્ધ એનડીપીએસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.?લેબલ પરથી બેચ નંબર અને તારીખો ભૂંસી મેડિકલ નેટવર્ક છુપાવવાનો પેડલર્સનો નવો કીમિયોપોલીસ અને ડ્રગ્સ વિભાગની પ્રાથમિક તપાસમાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, પકડાયેલી તમામ ૫૬ બોટલો પર કંપનીના લેબલ યથાવત્ હતા, પરંતુ તેના પર છાપવામાં આવતો બેચ નંબર, મેન્યુફેક્ચરિંગ લાયસન્સ નંબર અને એક્સપાયરી ડેટ ઈરાદાપૂર્વક ઘસીને ભૂંસી નાખવામાં આવ્યા હતા.

દિલ્હીમાં ચૂંટણી પંચના હેડક્વાર્ટર્સ તરફ હજારો લોકો દ્વારા માર્ચ કાઢવામાં આવી હતી, જેમાં ખેડૂત સંગઠનો, ટ્રેડ યુનિયન, વિદ્યાર્થી સંગઠનો, ડાબેરી પક્ષો સહિતના દ્વારા સંયુક્ત રીતે શુક્રવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનો વિરોધ કરવામાં આવ્યો હતો. અશોકા રોડ પર આવેલ મુખ્ય ચૂંટણી કમિશનની ઓફિસ તરફ માર્ચ કાઢી રહેલા અનેક લોકોની બંગલા સાહિબ ગુરુદ્વારા પાસે બેરિકેડ્સ લગાવીને અટકાયત કરવામાં આવી હતી. પ્રદર્શનકારીઓના હાથમાં તિરંગો અને જ્ઞાનેશ કુમારની ટીકા કરતા પોસ્ટરો જોવા મળ્યા હતા. દિલ્હીમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ સહિતના પ્રદર્શનકારીઓની પોલીસ દ્વારા અટકાયત કરાઈ હતી.અગાઉ કૃષિ કાયદાઓ મુદ્દે સરકારને ઝુકાવી ચુકેલ ખેડૂત સંગઠન સંયુક્ત કિસાન મોરચા પણ આ આંદોલનમાં સામેલ થયું છે. વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી હતી. પીપલ્સ અગેન્સ્ટ એસઆઈઆર ફોરમે કહ્યું હતું કે ૧૮ રાજ્યોના ૮૮ શહેરોમાં વિરોધ પ્રદર્શનોનું આયોજન કરાયું છે. જેમાં ૧૪૫ જેટલા સંગઠનો સામેલ થયા છે, આ વિરોધ પ્રદર્શનો શુક્રવારથી ૧ નવેમ્બર સુધી થતા રહેશે. શુક્રવારના વિરોધ પ્રદર્શનોમાં ૩૦૦થી વધુ સંગઠનો સામેલ થયા હતા. કોકરોચ જનતા પાર્ટીના નેતા આશુતોષ રાન્કા અને સૌરવ દાસે જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શનો શરૂ રાખવાની જાહેરાત કરી હતી. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર રહ્યા બાદ મીડિયા સાથે વાતચીતમાં રાન્કાએ કહ્યું હતું કે અમને જેલમાં પુરી દેશો તો પણ આ આંદોલન શરૂ રહેશે. સૌરવ દાસે કહ્યું હતું કે આ આંદોલન માત્ર કોકરોચ જનતા પાર્ટી દ્વારા જ નહીં પણ તમામ લોકો દ્વારા સંયુક્ત રીતે લડાઇ રહ્યું છે. દરમિયાન ડાબેરી વિદ્યાર્થી સંગઠન આઇસા પ્રમુખ નેહા બોરાને દિલ્હી હાઇકોર્ટમાં રાહત નથી અપાઇ.

અમદાવાદઃ દાણીલીમડામાં કોડીનયુક્ત કફ સીરપ સાથે પેડલર ઝડપાયો, ટ્રેકિંગ બચાવવા બોટલોના બેચ નંબર ભૂંસી નખાયા



અમદાવાદના દાણીલીમડા ઢોરબજાર પાસેથી પોલીસે કોડીન ફોસ્ફેટયુક્ત કફ સિરપનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. જાવેદ ઉર્ફે માસ્ટર પઠાણ નામના શખસ પાસેથી રૂ. ૬૫,૮૮૪ની કિંમતની ૫૬ બોટલ કફ સિરપ સહિત કુલ રૂ. ૧.૨૬ લાખનો મુદ્દામાલ જમ કરાયો છે. આ જથ્થો સપ્લાય કરનાર બહેરામપુરાના અલ્તાફ ઉર્ફે ઘેટો સામે પણ ગુનો નોંધી, તેની શોધખોળ ચાલુ છે.અમદાવાદના દાણીલીમડા ઢોરબજાર ગેટ નંબર-૨ સામે ગેરકાયદે કોડીન ફોસ્ફેટયુક્ત કફ સીરપના જથ્થા સાથે એક શખસને ઝડપી પાડ્યો છે. ઝડપાયેલા શખસ પાસેથી ૬૫,૮૮૪ રૂપિયાની કિંમતની ૫૬ બોટલ કફ સીરપ સહિત કુલ ૧.૨૬ લાખ રૂપિયાનો મુદ્દામાલ જમ કર્યો છે. આ જથ્થો સપ્લાય કરનાર બહેરામપુરાના અન્ય એક શખસ સામે પણ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરાઈ છે.કોડીનયુક્ત કફ સીરપનો જથ્થોએએનડબ્લ્યુ સેક્ટર-૨ના પોલીસ ઇન્સ્પેક્ટરને બાતમી મળી હતી કે, દાણીલીમડાનો એક શખસ બર્ગમેન સ્કૂટરમાં કોડીનયુક્ત કફ સીરપનો જથ્થો લઈને ઢોરબજારથી જમાલપુર તરફ જનાર છે. બાતમીના આધારે પોલીસે સરકારી પંચો સાથે ઢોરબજાર ચાર રસ્તા પાસે વોચ ગોઠવી હતી. આ



અમદાવાદીઓને ધક્કાથી મુક્તિ..! મ્યુનિસિપાલિટીના એસ્ટેટ અને ટેક્સ ખાતાના જૂના દસ્તાવેજ ઓનલાઈન મળી રહેશે



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોને એસ્ટેટ અને ટેક્સ વિભાગના જૂના દસ્તાવેજો સરળતાથી ઉપલબ્ધ કરાવવા મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. ૮૦-૯૦ વર્ષ જૂના દસ્તાવેજો સહિતની ફાઈલો સ્કેન કરીને ઓનલાઈન મૂકવામાં આવશે. આ કામગીરી માટે રૂ. ૧ કરોડના ખર્ચે ગુજરાત ઈન્ફોટેક લિમિટેડને જવાબદારી સોંપાઈ છે. નાગરિકો નિયત ફી ચૂકવી ઓનલાઈન દસ્તાવેજો મેળવી શકશે.અમદાવાદ મ્યુનિ.ના એસ્ટેટ અને ટેક્સ સહિતના ખાતાઓને લગતા કોઈપણ મહત્ત્વના જૂના દસ્તાવેજો લોકોને જોઈતા હોય તો અત્યાર સુધી કચેરીમાં ધક્કા ખાવા પડે છે. પરંતુ હવે લોકો સાથે સીધા જ જોડાયેલા આ બંને ખાતાના મહત્ત્વના દસ્તાવેજોની જૂની ફાઈલો સ્કેન કરીને ઓનલાઈન મૂકવાનું આયોજન કરાયું છે. દસ્તાવેજો સ્કેન કરવા માટે રૂ.૧ કરોડની કામગીરીની દરખાસ્ત આજે(૨૪ ઓક્ટોબર) ઈ-ગવર્નન્સ, ઈલેક્ટ્રિકલ એન્ડ મટિરિયલ પ્રોક્યોરમેન્ટ કમિટીમાં મંજૂર કરાઈ છેમહત્વની ફાઈલોના સ્કેનિંગનું કામ ગુજરાત ઈન્ફોટેક લિ.ને રૂપિયા એક કરોડમાં આપવાની દરખાસ્ત કમિટીમાં મંજૂરઅમદાવાદ શહેરમાં નવી અને જૂની મળીને કુલ ૨૨થી ૨૪ લાખ જેટલી મિલકતો છે. નવી મિલકતોના દસ્તાવેજો તો લોકોને સરળતાથી મળી જાય છે. પરંતુ જૂની મિલકતોના દસ્તાવેજો શોધવા માટે મ્યુનિ.ની જુદી જુદી કચેરીઓમાં વારંવાર ધક્કા ખાવા પડે છે. ત્યારબાદ પણ ફાઈલોમાંથી શોધીને દસ્તાવેજો મળશે કે કેમ? તે નક્કી હોતું નથી. લોકોને મોટાભાગે મ્યુનિ.ના એસ્ટેટ અને ટેક્સ ખાતાના જૂના દસ્તાવેજોની વધારે જરૂર પડતી હોય છે. ત્યારે આ બંને ખાતાના દસ્તાવેજો પહેલાં સ્કેન કરાશે.લોકોને કેવા પ્રકારના દસ્તાવેજો ઓનલાઈન મળશે?એસ્ટેટ વિભાગઃ બાંધકામની મંજૂરી, બીયુ પરમિશન, બિલ્ડિંગના પ્લાન-લેઆઉટ, પ્રોપર્ટી કાર્ડ, કબજા નોટિસ, ગેરકાયદે બાંધકામોની નોટિસ, મિલકત ટ્રાન્સફરની વિગતો, ટેક્સ ક્લિયરન્સ સર્ટિ., ફાઈનલ પ્લોટનો નંબર અને વિગતો, ટીપી સ્કીમનો નકશો, ઝોન અંગેનું પ્રમાણપત્ર.ટેક્સ વિભાગઃ પ્રોપર્ટી ટેક્સ બિલ, ટેક્સ ભર્યાની રસીદ, નો ડ્યુ સર્ટિફિકેટ, ટેનામેન્ટ નંબર, ૭-૧૨, ૮-અ, વેચાણ દસ્તાવેજની નકલ, સોસાયટી સંબંધિત દસ્તાવેજો, કાનૂની દસ્તાવેજો.૮૦-૯૦ વર્ષ સુધીના જૂના દસ્તાવેજો હશેઅમદાવાદ આમ તો ભારતની આઝાદી પહેલાંથી જ મોટા શહેર તરીકે વિકસેલું છે. ત્યારે મ્યુનિ. કચેરીમાં ૮૦-૯૦ વર્ષ સુધીના જૂના દસ્તાવેજો પણ હશે. આવા જૂના દસ્તાવેજો શોધવામાં જ લોકોને મુશ્કેલી પડતી હોય છે. જેનું સ્કેનિંગ કરાયા બાદ સરળતાથી ઓનલાઈન મળી શકશે.શહેરીજનો ચાર્જ ચૂકવી દસ્તાવેજો મેળવી શકશેમ્યુનિસિપલની ઈગવર્નન્સ, ઈલેક્ટ્રિકલ એન્ડ મટિરિયલ પ્રોક્યોરમેન્ટ કમિટીના ચેરમેનના જણાવ્યા અનુસાર, અત્યારે જેવી રીતે લોકો ઓફલાઈન ફી ભરીને જૂના દસ્તાવેજો મેળવી શકે છે, તેવી રીતે નિયત ફી ચૂકવી ઓનલાઈન દસ્તાવેજો મેળવી શકશે. સ્કેનિંગથી લાંબા સમય સુધી દસ્તાવેજોની જાળવણી પણ થશે.ત્યારબાદ અન્ય જરૂરી ખાતાના જૂના દસ્તાવેજોને પણ તેમાં સમાવી લેવાશે. દસ્તાવેજો સ્કેન કરવાની રૂ.૧ કરોડની કામગીરી ગુજરાત ઈન્ફોટેક લિ.ને આપવાની દરખાસ્ત આજે મ્યુનિસિપલની કમિટીમાં પાસ કરાઈ છે.

અમદાવાદમાં તહેવાર ટાણે ફૂલ બજારમાં મંદી! ખેડૂતો-વેપારીઓ ફૂલો કચરાની ગાડીમાં ફેંકવા મજબૂર



અમદાવાદના જમાલપુર ફૂલ બજારમાં તહેવારો ટાણે ફૂલોના ભાવ તળિયે બેસી ગયા છે. નવરાત્રિ પૂર્ણ થતાં જ ફૂલોની માંગ ઘટતા વેપારીઓ મસમોટો જથ્થો કચરામાં ફેંકવા મજબૂર બન્યા છે. ગુલાબ સિવાય અન્ય ફૂલો, ખાસ કરીને પીળા ફૂલો, ૫ થી ૧૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. ખેડૂતો અને નાના વેપારીઓની હાલત કફોડી બની છે. તહેવારોના માહોલ વચ્ચે જે ફૂલોથી મંદિરો અને ઘરો સજી ઉઠવા જોઈએ, તેની રેકેટો ભરી ભરીને કચરાની ગાડીમાં ફેંકી દેવા વેપારીઓ મજબૂર બન્યા છે. નવરાત્રિ પૂરી થતા અને દિવાળીના તહેવાર ટાણે ફૂલોના ભાવ તળિયે બેસી જતાં અમદાવાદના પ્રખ્યાત જમાલપુર ફૂલ બજારના વેપારીઓ ફૂલોનો મસમોટો જથ્થો કચરાની ગાડીમાં ફેંકી દેવા મજબૂર બન્યા છે.અત્યારે બજાર બિલકુલ ઠંડું પડી ગયું છેઃ સ્થાનિક વેપારીબજારની પરિસ્થિતિ અંગે વાત કરતા એક સ્થાનિક વેપારીએ પોતાની હૈયાવરાળ ઠાલવતા જણાવ્યું કે, 'અત્યારે બજાર બિલકુલ ઠંડું પડી ગયું છે. માત્ર ગુલાબની અછતના લીધે તેનો થોડો સારો ભાવ મળી રહ્યો છે. જ્યારે પીળા ફૂલ તો ૫ થી ૧૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવ છે. અમુક સમયે તો ખેડૂતો બહાર ફેંકીને જતાં રહે છે. બીજું કે, સફેદ ફૂલોની જરૂરિયાત એટલી હોતી નથી. એ બહારથી મંગાઈએ છીએ. અહીં વધારે ગુલાબ ચાલે છે. પરંતુ અત્યારે બજાર સાવ ઠંડું છે, એનું કોઈ લેવલ નથી.'ફૂલોના ભાવમાં ખૂબ જ મંદીઃ ફૂલ બજારના કમિટી મેમ્બરફૂલ બજારના કમિટી મેમ્બર નિમેષ મોદીના જણાવ્યા અનુસાર, 'નવરાત્રિ પર્વ પૂર્ણ થતાં જ ફૂલોના ભાવમાં ખૂબ જ મંદી આવી છે. જે ફૂલ નવરાત્રિમાં ૪૦-૫૦ રૂપિયા કિલો હતા, તે આજે ૫ થી ૧૦ રૂપિયા કિલો વેચાઈ રહ્યા છે. ઓલઓવર દરેક ફૂલોનું બજાર મંદ પડી ગયું છે. જો કે, ગુલાબના ફૂલોમાં તેજી છે. ગુલાબ અત્યારે પણ ૩૦૦ થી ૪૦૦ રૂપિયા કિલો વેચાઈ રહ્યું છે. શરદ પૂર્ણિમા નજીક છે, તેમ છતાં ભાવમાં કોઈ વધારો જોવા મળ્યો નથી.'આટલું જ નહીં દર વર્ષે દશેરા પર્વે પોતાના વાહનોને હાર-તોરા કરતા લોકોના વાહનો પર પણ માત્ર કુમકુમના સાથિયા જ જોવા મળ્યા હતા, ઘણા ઓછા વાહનો પર ફૂલોના હાર જોવા મળ્યા હતા.

તંત્રી લેખ

વિજકાપનો કરંટ

આજના સમયમાં ભારત સહિત સમગ્ર વિશ્વ જ્યારે પર્યાવરણની જાળવણી અને ટકાઉ વિકાસ માટે ગ્રીન એનર્જી તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે, ત્યારે ઊર્જા ક્ષેત્રે એક અનોખો અને ગંભીર વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. એક તરફ સરકાર દ્વારા અક્ષય ઊર્જા (રિન્યુએબલ એનર્જી) અને સોલાર પાવરને પ્રોત્સાહન આપવા માટે મોટો પ્રચાર, સબસિડી અને આકર્ષક લક્ષ્યાંકો જાહેર કરવામાં આવે છે, તો બીજી તરફ વાસ્તવિકતામાં પ્રજાને કલાકો સુધી વીજકાપ અને મોંઘી વીજળીનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્રીન એનર્જીના મોટા મોટા દાવાઓ વચ્ચે સામાન્ય નાગરિકો માટે વીજળીનો પૂરવઠો મેળવવો એ એક મોટો પડકાર બની રહ્યો છે.

ગ્રીન એનર્જીના માર્ગમાં સૌથી મોટો અવરોધ દેશની વર્તમાન ઊર્જા વ્યવસ્થા અને નીતિઓમાં રહેલો છે. કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સમાં કાચા માલની અછત, ટ્રાન્સમિશન નેટવર્કની મર્યાદાઓ અને વધતી જતી માંગને કારણે ગ્રામીણ તેમજ અર્ધ-શહેરી વિસ્તારોમાં દરરોજ કલાકો સુધી અઘોષિત વીજકાપ સામાન્ય બની ગયો છે. જ્યારે સૂર્યપ્રકાશ કે પવન જેવા પરંપરાગત ગ્રીન સ્ત્રોતો ઉપલબ્ધ ન હોય અથવા પીક અવર્સમાં વીજળીની માંગ સૌથી વધુ હોય, ત્યારે પાવર ગ્રીડ નિષ્ફળ નીવડે છે. આવી સ્થિતિમાં બેટરી સ્ટોરેજ સિસ્ટમ (ર્મ્ઈજીજી) જ એકમાત્ર આશાસ્પદ વિકલ્પ બને છે, પરંતુ અવિચારી નીતિઓના કારણે આ ટેકનોલોજી સામાન્ય માણસની પહોંચથી દૂર થઈ ગઈ છે.

સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને આયાત ઘટાડવાના હેતુથી સરકારે બેટરી અને સેલ્સ પર ૧૫% થી ૨૦% જેટલી કસ્ટમ્સ ડ્યુટી, સાથે સોશિયલ વેલફેર ટેક્સ અને જ્ઞ્ જી જેવા ભારે કરવેરા લાદ્યા છે. આ કઠોર આયાત ડ્યુટીના કારણે બેટરીઓની અંતિમ કિંમતમાં ૩૦% થી ૪૦% નો સીધો વધારો થઈ ગયો છે. દેશમાં જ્યાં સુધી આયાત જેટલું સ્થાનિક ઉત્પાદન ક્ષમતાનું નિર્માણ ન થાય, ત્યાં સુધી આવી નીતિઓ માત્ર સામાન્ય અને મધ્યમ વર્ગના ગ્રાહકોના ખિસ્સા પર વધારાનો આર્થિક બોજ જ નાખે છે. સબસિડી આપીને પ્રોત્સાહિત કરવાની યોજનાઓ સામે કરવેરા વધારીને નાણાં પાછા ખેંચી લેવાની આ નીતિ ગ્રીન એનર્જીને સામાન્ય લોકો માટે એક 'સફેદ હાથી' સમાન બનાવી રહી છે.

ગ્લોબલ સપ્લાય ચેઈન અને ટેકનોલોજીકલ વાસ્તવિકતાને જોતાં, ચાઈના જેવા દેશોમાં સ્કેલ ઓફ ઈકોનોમી અને સંશોધનને કારણે લિથિયમ-આયન બેટરી પ્રોસેસિંગનો ખર્ચ ઘણો ઓછો આવે છે. ભારતમાં ગિગાફેક્ટરીઓ અને સેલ પ્રોસેસિંગ પ્લાન્ટ્સ હજુ નિર્માણ કે ટેસ્ટિંગના તબક્કામાં છે, જેથી ભારત હજુ પણ સેલ આયાત પર નિર્ભર છે. ઊંચા આયાત શુલ્કના કારણે સ્થાનિક એસેમ્બલર્સ માટે બેટરી પેક બનાવવા મોંઘા પડે છે, જેનાથી ઓફ-ગ્રીડ સોલાર, હાઇબ્રિડ સિસ્ટમ, ઈ-વિકલ્સ અને ટેલિકોમ ટાવર્સ જેવા ક્ષેત્રોને સીધી પ્રતિકૂળ અસર પહોંચે છે. વધુમાં, ચાઈનીઝ સપ્લાયર્સ દ્વારા ઘણીવાર જૂની ટેકનોલોજી કે બી-ગ્રેડ સેલ્સ ભારતીય બજારમાં ઠાલવવામાં આવે છે, જે આગ લાગવાના બનાવો અને ગંભીર સલામતી જોખમો પણ ઊભા કરે છે.

અંતે, ગ્રીન એનર્જી ક્રાંતિને માત્ર કાગળ પર કે દાવાઓ પૂરતી સીમિત રાખવાને બદલે તેને જમીની સ્તરે સફળ બનાવવી અત્યંત જરૂરી છે. વિદેશી માલ પર ઊંચો ટેક્સ લાદતા પહેલા દેશમાં સ્થાનિક ઉત્પાદનનું મજબૂત માળખું, સંશોધન (ઈશ્ક્ષ) અને બેટરી સ્ટોરેજ ઈકોસિસ્ટમ તૈયાર કરવી અનિવાર્ય છે. નીતિ ઘડવૈયાઓએ સ્થાનિક ઉદ્યોગોના રક્ષણ અને સામાજિક આર્થિક વાસ્તવિકતાઓ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું પડશે. જો યોગ્ય અને વ્યવહારુ વ્યૂહરચના અપનાવવામાં નહીં આવે, તો સ્વચ્છ અને સસ્તી ઊર્જાનું સ્વપ્ન માત્ર કાગળ પર રહી જશે અને પ્રજા મોંઘા વીજળીના બિલ તથા કલાકોના વીજકાપ વચ્ચે પીડાતી રહેશે.

ગુજરાતના પટેલે માનનીય મુખ્યમંત્રી શ્રી CHHAAP@Sabarmati ૨૦૨૬નું ઉદ્ઘાટન કર્યું: ભારતીય હસ્તકલા વારસો, સર્જનાત્મકતા અને સમકાલીન ડિઝાઇનનો ઉત્સવ



વિરાસત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નો લોજી (ર્ન્ૈંહ્વ), ગાંધીનગર દ્વારા ભારતના સમૃદ્ધ હસ્તકલા વારસા, પરંપરાગત કૌશલ્ય અને સમકાલીન ડિઝાઇનના નવીન અભિગમને સમર્પિત આ ૬ દિવસીય કાર્યક્રમ ઝઊઁઊંછછઁજજીકૃહ્વકૃદ્વિકૃઁ ૨૦૨૬ની ત્રીજી આવૃત્તિનું આયોજન ૨૩થી ૩૦ ઑક્ટોબર ૨૦૨૬ દરમિયાન અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ સ્થિત ઈવેન્ટ સેન્ટર છ ખા તે કરવામાં આવ્યું. "સ્વર્ણિમ ભારત અને વિકાસ" વિષયવસ્તુ પર આધારિત આ કાર્યક્રમમાં દેશભરના કારીગરો, ર્ન્ૈંહ્વના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ડિઝાઇનરો, વિદ્યાર્થીઓ અને હસ્તકલા પ્રેમીઓ એકત્રિત થયા અને ભારતની વિવિધ હસ્તકલા તથા હાથવણાટની પરંપરાઓ ની ઉજવણી કરી.

ગુજરાતના માનનીય મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું અને પ્રદર્શનના વિવિધ સ્ટૉલ્સ ની મુલાકાત લીધી. તેમણે કારીગરો સા થે સંવાદ સાધ્યો અને તેમની ઉત્કૃષ્ટ કારીગરી તથા ભારતની હાથવણાટ અને હસ્તકલા ની સમૃદ્ધ વિવિધતાની પ્રશંસા કરી. તેમની મુલાકાતનું એક વિશેષ આ કર્ષણ ઝઊઁઊંછછઁ ઝટ્ઠિકઁ કૃજર્જાૅગૌરવપૂર્ણ ધારક બનવાનું રહ્યું. આ પહેલ મુલાકાતી ઓને ભારતની વિવિધ હસ્તકલા પરંપરાઓને જાણવા, કારીગરો સાથે સીધો સંવાદ સાધવા અને હાથથી બનાવેલી વસ્તુઓ પાછળની સાંસ્કૃતિક વાર્તાઓને સમજવા માટે પ્રોત્સા હિત કરે છે.

આ પ્રસંગે ર્ન્ૈંહ્વ ગાંધી નગરના નિયામક ડૉ. સમીર સૂદે જણાવ્યું હતું કે, " ઝઊઁઊંછછઁ જજીકૃહ્વકૃદ્વિકૃઁ ભારતના જીવંત હસ્તકલા વારસાની ઉજવણી કરવાની અને પરંપરાગત કારીગરીને સમકાલીન ડિઝાઈન, નવીનતા તથા ઉદ્યોગસાહસિકતા સાથે જોડવા ની એક અર્થપૂર્ણ પહેલ છે. કારીગરો, ડિઝાઈનરો, વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને એક જ મંચ પર લાવીને અમારો ઉદ્દેશ હાથથી બનાવેલી પરંપરાઓ પ્રત્યે જાગૃતિ અને સન્મા ન વધારવા નો, કારીગરોની આજીવિકાને મજબૂત બનાવવાનો અને તેમના અમૂલ્ય જ્ઞાન તથા કૌશલ્યને આવનારી પેઢીઓ સુધી પહોંચાડવા નો છે.×

CHHAAP@Sabarmati ૨૦૨૬માં દેશભરના ૧૦૦થી વધુ કારીગરો અને ર્ન્ૈંહ્વના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્ટૉલ્સ દ્વારા પ્રામાણિક હાથવણાટનાં કાપડ, હસ્તકલા ની વસ્તુઓ અને પ્રાદેશિક ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવ્યું. આ પ્રદર્શને કારીગરોને તેમની કારીગરી અને સર્જન પાછળની વાર્તાઓ રજૂ કરવા ની તેમજ નવા ગ્રાહકો અને મુલાકાતીઓ સાથે જોડાવાની તક પૂરી પાડી. સાથે જ, આ પહેલે ડિઝાઈન આધારિત ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપ્યું અને પરંપરાગત કારીગરીને સમકાલી ન બજારો સાથે જોડવામાં યોગદાન આપ્યું.

-કાર્યક્રમમાં ક્રાફ્ટ થીમ પે વે લિયન, જીવંત હસ્તકલા પ્રદર્શન, પ્રાયો ગિક કાર્યશાળાઓ, માસ્ટ રક્લા સ, પેનલ ચર્ચાઓ અને કલા વાર્તા હસ્તકલા સંવાદ જેવી પ્રવૃત્તિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રવૃત્તિઓ દ્વારા કારીગરો, ડિઝાઈનરો, શિક્ષણવિદો અને ઉદ્યોગના નિષ્ણા તોએ પરંપરાગત જ્ઞાનના સંરક્ષણ, નવીનતા અને ટકાઉ આજીવિકાની તકો અંગે વિચારોનું આદાનપ્રદાન કર્યું. કલા દર્શન, એક ઇમર્સિવ વર્ચ્યુઅલ રિયાલિટી અનુભવ, મુલાકાતીઓને ભારતની હસ્તકલા પરંપરાઓની ડિજિટલ સફર પર લઈ ગયો અને સાંસ્કૃતિક વારસા ના અર્થઘટન તથા પ્રસાર માટે ટેક્નો લો જી ની સંભાવનાઓ રજૂ કરી.ઉદ્ઘાટન દિવસની ઉજવણીમાં કલા સંધ્યા નામનો વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો, જેમાં ભારતની રાષ્ટ્રીય ભાવના અને વસ્ત્ર વારસાની ઉજવણી કરવામાં આવી. ર્ન્ૈંહ્વ ગાંધી નગર દ્વારા રજૂ કરાયેલા વિશેષ ફેશન શો એ સ્વર્ણિમ ભારત વિરાસત અને વિકાસ× વિષયથી પ્રેરાઈને ભારતના સમૃદ્ધ વસ્ત્ર વારસાને સમકાલીન ડિઝાઇનના દૃષ્ટિકોણથી રજૂ કર્યો. કાર્યક્રમમાં ભારતીય વાયુસેના બેન્ડ દ્વારા વંદે માતરમની રજૂઆત, સાબરમતી આરતી અને ભવ્ય ડ્રોન શોનો પણ સમાવેશ થયો. આ પ્રસ્તુતિઓ એ સંસ્કૃતિ, ફેશન, સંગી ત, આ ધ્યાત્મિકતા અને ટેક્નો લોજી નો અનોખો સમન્વય સર્જ્યો .

ઝઊઁઊંછછઁજજીકૃહ્વકૃદ્વિકૃઁ ૨૦૨૬ દ્વારા ર્ન્ૈંહ્વ ગાંધી નગરે ભારતના જીવંત હસ્તકલા વારસા ના સંરક્ષણ, કારીગર સમુદાયોને સહયોગ અને પરંપરાગત જ્ઞાન, ડિઝાઇન શિક્ષણ, નવીનતા તથા સમકાલીન બજારો વચ્ચે અર્થપૂર્ણ જોડાણ સ્થાપિત કરવાની પોતાની પ્રતિબદ્ધતાને પુનઃવ્યક્ત કરી. આ કાર્યક્રમમાં ભારતીય હસ્તકલાને દેશની સાંસ્કૃતિક ઓળખ અને સર્જનાત્મક અર્થતંત્રના ગતિશીલ ભાગ તરીકે રજૂ કરવામાં આવી અને નવી પેઢીને આ અમૂલ્ય પરંપરાઓને સમજવા, જાળવવા તથા આગળ વધારવા માટે પ્રેરિત કરવામાં આવી.

મૃત્યુનું કારણ ખાલીપો હતો! (તબીબી પ્રમાણપત્રઃસંત સુરા)

અત્રે લેખકની ફળદ્રુપ ભેજાની નીપજ અને સ્મૃતિમાં કલ્પનાનાં ઘોડા દોડે છે! સિવિલ હોસ્પિટલની લોબીમાં હું ડેથ સર્ટિફિકેટ લેવા ઊભો હતો. ડોક્ટરે સ્ટેમ્પ મારીને કાગળ આપ્યો. ઝટ્ઠેજીક્ર ઠ્ઠીટ્ઠર ના ખાનામાં લખ્યું હતું - સ્ર્અિઠ્ઠટ્ઠિટ્ઠક્રૈંહકટ્ઠર્ષ્ઠિહ ઠ્ઠી ક્રૈંઙ્ઘ ટ્ઠક્ષી.

મેં કાગળ હાથમાં લીધો અને સામે સ્ટ્રેચર પર સૂતેલા મારા બાપા સામે જોયું. ૭૬ વર્ષ. ત્રણ મહિના પહેલા સુધી તો એ આખા ઘરને ટકોરા કરતા.

મ્હારા ડોશા બાપા સુરતની મિલમાં ૩૫ વર્ષ ટાઈમકીપર હતા. ઘડિયાળના કાંટે જીવ્યા. ૮ વાગે મિલનો ભૂંગળો વાગે એ પહેલા હાજર. એમની પાસે એક જ વાક્ય - ટાઈમ એટલે ઈમાન.

નિવૃત્તિ પછી એમની પાસે ટાઈમ રહ્યો, પણ ટાઈમકીપર તરીકે કોઈ રહ્યું નહીં. બા તો પાંચ વર્ષ પહેલા ગઈ. હું કાપડ માર્કેટમાં, વહુ સ્કૂલમાં, દીકરો કોલેજમાં. બાપા ઘરમાં એકલા.

શરૂઆતમાં એમણે ઘરને મિલની જેમ ચલાવવાનો પ્રયત્ન કર્યો. સવારે ૬ વાગે ઉઠીને બૂમ પાડે - ચા કેમ નથી બની? બપોરે કહે - શાકમાં મીઠું ઓછું છે. સાંજે ઓટલે બેસીને પાડોશીને ટાઈમનું મહત્વ સમજાવે. પણ હવે કોઈને ટાઈમ જ નહોતો.

ધીમે ધીમે એમણે બોલવાનું ઓછું કરી દીધું. સવારે છાપું બે વાર વાંચે. એક જ છાપું, બે વાર. પછી બારી બહાર જોયા કરે. બપોરે જમીને ખુરશીમાં બેસી રહે.
એક દિવસ મેં જોયું - બાપા પોતાના જૂના, ફાટેલા બૂટને પોલીસ કરી રહ્યા છે. ઘસી ઘસીને ચમકાવે છે. મેં પૂછ્યું - બાપા, ક્યાં જવું છે? એ થોડું હસ્યા - ક્યાંય નહીં દીકરા, બસ આદત છે. બૂટ ચમકતા હોય તો માણસ કામનો લાગે.
એ વાક્ય મારા હૃદયમાં ખૂંપી ગયું. એ કામનો લાગવા માંગતા હતા.

મારા દીકરાને હવે મોબાઈલ આવ્યો. દાદા કંઈ કહેવા જાય તો કહે - દાદા, તમે નહીં સમજો. હું દુકાનેથી થાકીને આવું, બાપા કંઈ કહેવા આવે - આજે ગોપીપુરામાં... હું કહું - બાપા, હમણાં નહીં, સમાચાર આવવા દો.

એમની દુનિયા રસોડાથી ઓસરી, ઓસરીથી ખુરશી સુધી સીમિત થઈ ગઈ.

ગયા મહિને એ પડી ગયા. ડોક્ટરે કહ્યું - કંઈ નથી, ઉંમર છે, નબળાઈ છે. દવા આપી. પણ દવાથી ખાલીપો થોડો મટે?

છેલ્લા ત્રણ દિવસથી એ કંઈ ખાતા નહોતા. અમે કહ્યું - ભૂખ નથી લાગતી. ડોક્ટરે કહ્યું - નબળાઈ છે.

ગઈકાલે રાત્રે હું એમની પાસે બેઠો. એમના માથા પર હાથ મૂક્યો. એમણે મારો હાથ પકડી લીધો. બહુ ટાઈટ. એમની આંખમાં પાણી હતું. કંઈ બોલ્યા નહીં. બસ જોઈ રહ્યા. જાણે કહેતા હોય - મને એક વાર પૂછ, બાપા તારે શું કહેવું છે? મને થોડી વાર તારી પાસે બેસવા દે.
હું થોડી વાર બેઠો, પછી મોબાઈલ રણક્યો. માર્કેટના વેપારીનો ફોન. હું બહાર નીકળી ગયો.

સવારે એ નહોતા.

ડોક્ટરે કહ્યું - હાર્ટ બંધ પડી ગયું. ઉંમર થઈ ગઈ હતી.

હું ડેથ સર્ટિફિકેટ સામે જોઈ રહ્યો. કાગળ પર બધું સાચું હતું, પણ સત્ય નહોતું. સત્ય એ હતું કે મારા બાપાનું હૃદય બંધ નથી પડ્યું, એમને સાંભળનાર બંધ થઈ ગયા હતા. એ ઘરમાં રહેતા હતા, પણ ઘરમાં એમની જગ્યા નહોતી રહી.

અમે બધા ભેગા રહીએ છીએ, પણ સાથે નથી રહેતા. એક જ ઘરમાં અલગ અલગ ટાપુ જેવું. અને એ ટાપુ વચ્ચે જે દરિયો છે એનું નામ છે ખાલીપો.

આજે સાંજે ઘર ખાલી છે. બાપાની ખુરશી ખાલી છે, એમના પોલીસ કરેલા બૂટ ખૂણામાં પડ્યા છે. અને એ ખુરશી સામે જોઈને મને લાગે છે કે તબીબી પ્રમાણપત્રમાં ભલે ઝટ્ઠિટ્ઠિકૃષ્ઠ છીજિં લખ્યું હોય, પણ ખરેખર મૃત્યુનું કારણ ખાલીપો હતો યાને કે, 'ખાલીપો' અર્થાત ખાલીપણું, શૂન્યતા, અછત, ઊણપ કે કોઈ પ્રિય વ્યક્તિ કે વસ્તુના ગયા પછી મનમાં અનુભવાતી વિરહની કે એકલતાની લાગણી થાય છે! મુખ્ય અર્થ અને ભાવઃ ખાલીપણું / શૂન્યતાઃ મન કે જીવનમાં કંઈક ખૂટતું હોય તેવો અનુભવ!વિરહ કે એકલતાઃ કોઈ ખાસ વ્યક્તિની ગેરહાજરીથી હૃદયમાં જે પોલાણ કે અસહ્ય એકાંત સર્જાય છે તે!ઊણપ કે અછતઃ કોઈ વસ્તુ કે સાધનની કમી! અલબત, આ ખાલીપો કોઈ એકલા મારા બાપાનો નથી, આખા સમાજનો રોગ છે!(એક કાલ્પનિક કલ્પના!)
લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

મેડિકલ સેક્ટરમાં ખુલ્લેઆમ લૂંટ..!!

દવાઓ અને મેડિકલ સામાન પર ૧૦૦૦% સુધીના નફાનો પર્દાફાશ

બીમારી આવે ત્યારે માણસની પ્રથમ પ્રાથમિકતા સાજા થવાની હોય છે. પરિવારના સભ્યનો જીવ બચાવવા માટે વ્યક્તિ પોતાની બચત ખર્ચી નાખવા કે દેવું કરવા પણ તૈયાર થઈ જાય છે. પરંતુ સવાલ એ છે કે જીવન બચાવવાની આ મજબૂરીનો લાભ લઈને દર્દી પાસેથી દવાઓ અને તબીબી સામગ્રીના નામે કેટલો ખર્ચ વસૂલવો વાજબી ગણાય?

ખાનગી હૉસ્પિટલોમાં દવાઓ અને તબીબી સામગ્રીની ખરીદી કિંમત તથા દર્દીને વસૂલવામાં આવતી કિંમત વચ્ચેના મોટા તફાવત અંગે ઊભા થયેલા સવાલોએ આરોગ્ય વ્યવસ્થાની પારદર્શિતા પર ગંભીર ચર્ચા જગાવી છે. અહેવાલોમાં કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયેલા સોગંદનામાને ટાંકીને દવાઓ પર ૧૭૦%થી ૭૦૦% અને તબીબી સામગ્રી પર ૧૦૦%થી ૧૦૦૦% સુધીના માર્જિનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ મહેતાએ એક અત્યંત ચોંકાવનારું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, જે કેન્સરની દવા હૉસ્પિટલને માત્ર ૨૭૦૦ રૂપિયામાં ખરીદ પડે છે, તે જ દવા દર્દીને ૨૭,૦૦૦ રૂપિયાની સ્ઈં પર વેચવામાં આવે છે! અદાલતે આ ૧૦ ગણા તફાવતને 'બ્રૉડ ડેલાઇટ ડકોઇટી' (મટ્ઠિઙ્ઘ ઠ્ઠટ્ઠઅઙ્ઘૈક્ષ્નરં ઠ્ઠટ્ઠર્ષ્ઠેઅ - જાહેરમાં ખુલ્લેઆમ લૂંટ) ગણાવીને સરકારને આ મસમોટા પ્રોફિટ માર્જિન પર તાત્કાલિક લગામ કસવા કડક આદેશો આપ્યા છે.

અલબત્ત, ખરીદી કિંમત અને વેચાણ કિંમત વચ્ચેનો સમગ્ર તફાવત ચોખ્ખો નફો ગણાતો નથી. તેમાં અન્ય ખર્ચનો પણ સમાવેશ થઈ શકે છે. તેમ છતાં, દર્દી પાસેથી વસૂલવામાં આવતી કિંમત કેટલી વાજબી છે અને તેના આધારો કેટલા પારદર્શક છે, તે પ્રશ્નનો જવાબ મળવો જ જોઈએ.

હૉસ્પિટલો જથ્થાબંધમાં (ર્મ્ઝ્ઞા) દવાઓ ખરીદે છે, જેના પર કંપનીઓ તેમને ભારેખમ ડિસ્કાઉન્ટ આપે છે. પરંતુ, આ રાહતનો ફાયદો દર્દીઓને આપવાને બદલે હૉસ્પિટલો તેમને મહત્તમ છૂટક કિંમતે (સ્ઈં) જ બધું પધરાવી દે છે. સંસદમાં સરકારે પણ સ્વીકાર્યું છે કે આ પ્રકારના બેફામ તબીબી ખર્ચને કારણે દર વર્ષે અંદાજે ૬.૩ કરોડ ભારતીયો ગરીબી રેખા નીચે ધકેલાઈ જવા મજબૂર બને છે.

બીજી તરફ, સરકારી યોજનાઓ અને વીમા કંપનીઓ હૉસ્પિટલ સાથે પહેલેથી જ સારવારનું ફ્લેટ પેકેજ નક્કી કરી લે છે, જેમાં તમામ સામગ્રીનો ખર્ચ આવી જાય છે. પરંતુ જ્યારે કોઈ સામાન્ય નાગરિક પોતાના ખર્ચે સ્વતંત્ર રીતે સારવાર કરાવવા જાય છે, ત્યારે તેને મેડિકલ સામાન અને દવાઓ માટે અલગથી સ્ઈં પર જ બિલ ફટકારવામાં આવે છે.

નિયમો છે, પરંતુ અસરકારક અમલ જરૂરી

ભારતમાં નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઇસિંગ ઑથોરિટી (ર્દ્બંછ) જરૂરી દવાઓના ભાવ પર નિયંત્રણ રાખે છે. તેમ છતાં, દવાના ઉત્પાદન ભાવ, જથ્થાબંધ ખરીદી, વેપારીનું માર્જિન અને હૉસ્પિટલ દ્વારા વસૂલાતી કિંમત વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.
દવાઓ અને તબીબી સામગ્રી પર એકસમાન ૧૬% માર્જિનની મર્યાદા અંગેના સૂચનનો ઉદ્દેશ્ય દર્દીઓને રાહત આપવાનો છે. જોકે, સૂચન અને અમલમાં આવેલા નિયમ વચ્ચે તફાવત હોવાથી તેની સ્થિતિ સત્તાવાર આદેશથી ચકાસવી જરૂરી છે.

માત્ર દવાઓના ભાવ નિયંત્રિત કરવાથી સમસ્યા ઉકેલાશે નહીં. જો અન્ય ચાર્જ વધારીને તેની ભરપાઈ કરવામાં આવે, તો દર્દીને વાસ્તવિક રાહત મળશે નહીં. તેથી સમગ્ર સારવારના ખર્ચ પર પારદર્શકતા અને અસરકારક દેખરેખ જરૂરી છે.

દર્દીએ પણ સાવચેત રહેવું જોઈએ

દર્દીઓ અને તેમના પરિવારો કેટલીક બાબતોનું ધ્યાન રાખીને બિનજરૂરી ખર્ચ સામે સાવચેતી રાખી શકે છેઃ

વિગતવાર બિલ માગોઃ દરેક દવા અને તબીબી સામગ્રીની કિંમત અલગથી તપાસો.

સ્ઈં સરખાવોઃ દવાના પેકિંગ પરની કિંમત અને બિલમાં દર્શાવેલી કિંમત ચકાસો.

સાચી કિંમત જાણોઃ ર્દ્બંછના 'ફાર્મા સહી દામ' પોર્ટલનો ઉપયોગ કરો.

પુરાવા સાચવોઃ શંકાસ્પદ વસૂલાત થાય તો બિલ અને દવાના પેકિંગ સાથે સંબંધિત સત્તાવાળાઓને ફરિયાદ કરો.

દર્દીનો જીવ મહત્ત્વનો કે નફાનો આંકડો?

હૉસ્પિટલોને તેમના સંચાલન માટે વાજબી આવક જરૂરી છે. પરંતુ દર્દીની મજબૂરી અને આરોગ્ય સેવા વચ્ચેનો સંબંધ માત્ર નફા-નુકસાનના હિસાબથી નક્કી થઈ શકે નહીં. પારદર્શક બિલિંગ, વાજબી ભાવ અને નિયમોનો અસરકારક અમલ એ દર્દીના હિતનું રક્ષણ કરવા માટે અનિવાર્ય છે.

આરોગ્ય વ્યવસ્થાનો હેતુ માત્ર સારવાર ઉપલબ્ધ કરાવવાનો નહીં, પરંતુ તે સારવાર સામાન્ય માણસને પરવડે તેવી બનાવવાનો પણ હોવો જોઈએ.

કારણ કે બીમારી સામે લડતા દર્દીને દવાઓની જરૂર છે, આર્થિક આઘાતની નહીં. સારવાર તેને જીવન તરફ પાછો લઈ જાય—પરિવારને દેવાના અંધકારમાં ધકેલી દે નહીં.

જ્યાં સુધી સરકાર આ ક્ષેત્રે સંપૂર્ણ કાયદાકીય નિયંત્રણ ન લાવે, ત્યાં સુધી જાગૃતિ જ દર્દીઓનું સૌથી મોટું સુરક્ષા કવચ છે. પોતાના અધિકારો સમજો અને શોષણ સામે અવાજ ઉઠાવો!

અમીત ત્રિવેદી (૨૪/૧૦/૨૬)



ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ



NOG SSN 0089
વિષય : સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
શીર્ષક : સાહિત્યનું પતન
પ્રકાર:ગદ્ય શબ્દો:૨૦૦

'રાજકારણ' એ કેન્સર કરતા ભયંકર રોગ છે. જીવનનું એવું કોઈ ક્ષેત્ર નથી ત્યાંએણે પગપસેરો ન કર્યો હોય !સંસ્થા નાની હોય કે મોટી, બાળકોના લાભાર્થે હોય કે સ્ત્રીના પુનરુત્થાન માટે બધામાં રાજકારણ નજરે પડે.
હવે એ રાજકારણ જ્યારે સાહિત્યમાં પણ જણાય તો માનવ વિશ્વાસ ખોઈ બેસે. જગતમાં એવી કોઈ જગ્યા નજરે પડે ત્યાં હૈયાને વિશ્રાંતિનો અનુભવ થાય. સાહિત્યનોસર્જનાર દિલના ભાવ, ઉર્મિ અને લાગણીઓનો ધોધ વહાવે છે. જગત સમક્ષ સુંદરકાર્ય પ્રસ્તુત કરે છે. વાહ વાહ ચારેકોર ગુંજે છે. જ્યારે પરિણામ આવે છે ત્યારે તેનેનિરાશા સાંપડી હોય છે. કારણ સહજ છે. તેની પાસે કોઈ લાગવગ ન હતી.
સાહિત્યના ક્ષેત્રમાં તેને માટે કોઈ સ્થાન નથી આમ જોવા જઈએ તો જીવનના દરેક કાર્યથી રાજકારણ દૂર રહે તો સારું. " પૈસો બોલે છે' એ બ્રહ્મવાક્ય ખૂબ પ્રચલિત છે. તેની માયા જાળથી તમે અને હું પરિચિત છીએ.
નવા નવા લેખકો પ્રસિદ્ધિ પામવા પેંતરા અજમાવે છે. પૈસાના જોરે મોટા લેખકોને આમંત્રી વાહ વાહ પામે છે. એ બહુ લાંબુ ટકતું નથી
મિત્રો અંતરની પ્રાર્થના છે , બને ત્યાં સુધી સાહિત્યને અભડાવશો નહી. ઉર્મિઓ કચડાઈ જશે. લખનારની કલમ કંપી ઉઠશે. લાગણીઓને વહેવા દો. તેને ન્યાય આપો.
લખતાં દિલમાં ટીસ ઉઠે છે. હકીકત સામે આંખમિંચામણા કરી ન શકાય.
પ્રવિણા અવિનાશ
★★★★★★
NO?G SS NO : 382

વિષય : સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ.
શીર્ષક : સાહિત્ય મંચ સોપાને
પ્રકાર : ગદ્ય
શબ્દ : ૯૮

??શબ્દ રાજકારણ કટારી સમ ભમતો
એક બાણ થઈ દિલમાં ચૂભતો
દો ડગ જ્યાં સાહિત્ય મંચ સોપાને
મનમંથરા થઈ પડછાયો દીસતો.

મહામંચ પદ પ્રતિષ્ઠાની ગૌરવ જ્યોતિ
સાહિત્યની મધુ રસધારા થઈ ગાતી
લોક પોંખણાં સર્જકનો મોટો સથવારો
જેવાં નગારાં એવી કલમ રંગે ઝુમતી.

જામે ઓળખાણ ને સમિતિના વાગે ડંકા
વર્ચસ્વના શરુથાય મંચમાં કાવાદાવા
મારા-તારા ગણી સર્જકને પોંખે પુરસ્કર્તા
જેની પહોંચ એ વારેવારે પહેરે વરમાળા.

કોની કલમ કેટલી શ્રેષ્ઠ, બધું અધ્ધર તાલે જોખી, મંચો દહાડે,
દંભી રાજકારણે, પાછલી હરોળે બેસી,સાચો સર્જક તાલી પાડે.

રમેશ પટેલ'' આકાશદીપ''
★★★★★★★
Nog Ss No. 343
વિષય :- સાહિત્ય મંચોનું આંતરિક રાજકારણ
વિષય :- સાહિત્યક મલિનતા
પ્રકાર :- પધ
શબ્દો :- ૧૦૫

શબ્દોના વેપારી બની બેઠા જાણે મોટા સંત,
કવિતા કે કૃતિ અહી મરતી રહે છે વાદ વિવાદ છે અનંત.

લાયકાત ક્યાં પૂછે છે અહીં પૂછે છે બસ જાત,
કોણ કોના પક્ષમાં છે એ જ મોટી વાત,

સાચો કવિ તો ખૂણે બેઠો હાથમાં લઈ કાગળને કલમ ,
અપમાન મળે જેને જ્યારે પ્રપંચ ચતુરાઈનો થાય અમલ,

મલિન રાજકારણની જેમ અમૃતમાં ભેળવે ઝેર,
સાચા લેખક કવિ સાથે સમયે લે સાહિત્યક વેર,

સરસ્વતીના ધામમાં ખુરશી નીચે દબાઈ સાહિત્યનો સૂર સાથે કૃતિ,
સાચા સાહિત્યની બની બેઠા બદલી નાખે અસુર રૂપે આકૃતિ,

સાહિત્યના મંચ પર ખેલાતી મલિનતાથી લેખકો કવિઓ
સાહિત્યપ્રેમીઓ છે અવગત,
' ચંદ્ર' સૂર્ય ની ઉજ્જવળતા જેવું સદા સાચા સાહિત્યનું છે અનોખું જગત,
'ચંદ્ર'કાન્ત હરિલાલ માઢક (રાજકોટ)

Site iconNewz Daddy"Gujarati Film Kaik To Kar Shares a Message of Hope and Courage"Newz Daddy Editor Newz Daddy Editor"



Gujarati Film Kaik To Kar Shares a Message of Hope and Courage"Gujarati Film Kaik To Kar Shares a Message of Hope and Courage""Gujarati Film Kaik To Kar Shares a Message of Hope and Courage"Gujarati Film 'Kaik To Kar' to Release in Cinemas on 30 October""The film 'Kaik To Kar' shares a message about moving forward in life, facing challenges and standing strong in difficult times.""Ahmedabad: A new Gujarati film, 'Kaik To Kar', will release in cinemas on 30 October. The film tells an inspiring story about dreams, determination and entrepreneurship. Ahead of its release, the film's official press conference was held in Ahmedabad on 22 October.""'Kaik To Kar' is a Gujarati feature film about the courage to dream, strong willpower and the spirit of entrepreneurship. Its title encourages people to do something meaningful in life. Through its story and ideas, the film aims to inspire audiences.""During the press conference, the film's team spoke to the media about the inspiration behind the film, its making and the vision behind it. Journalists, media representatives and members of the film industry attended the event.""The press conference was held on Thursday, 22 October, at 5.30 pm at La Celebration Restaurant and Banquet in the Ghatlodia area of Ahmedabad.""The team hopes that 'Kaik To Kar' will connect with audiences on an emotional level and encourage them to follow their dreams. The film will be released in cinemas on 30 October.""The film is directed by Bhagwan Vaghela. This family drama features Viraj Vaghela, Shweta Sen, Mamta Soni, Makarand Shukla, Akash Jhala, Javed Bloch, Gaurang JD and Vishal Vaishnav, among others.""The title 'Kaik To Kar' carries a message about moving ahead in life, facing challenges and standing strong in difficult situations. Through its story and characters, the film aims to connect with audiences through family relationships, real-life situations and emotions.""The film brings together Gujarati language and culture with entertainment. It remains to be seen how audiences respond to the film.""Must Read:"Chor No. 1: Rakesh Shah Directs a New Gujarati Comedy-Drama""Gujarati Film 'Andhkar' Takes Its Suspense Story to Theatres Across Gujarat"Categories: Entertainment, Entertainment News"Tags: Ahmedabad entertainment news, Akash Jhala, Bhagwan Vaghela, dhollywood, family drama Gujarati movie, Gaurang JD, Gujarati Cinema, Gujarati cinema news, Gujarati family drama, Gujarati film, Gujarati film news, Gujarati film press conference, Gujarati Film Release 30 October, Gujarati films October 2026, Gujarati Movie Release date, Gujarati movie updates, Javed Bloch, Kaik To Kar, Kaik To Kar cast, Kaik To Kar Gujarati Movie, Kaik To Kar Movie 2026, Kaik To Kar Release Date, Makarand Shukla, Mamta Soni, new gujarati movie, Newz Daddy, Shweta Sen, upcoming gujarati films, Viraj Vaghela, Vishal Vaishnav"Newz Daddy"Back to top

શરદ પૂર્ણિમા (કોજાગરી): અમૃત વર્ષા, આધ્યાત્મિક જાગરણ અને આરોગ્યનું પાવન પર્વ

આસો સુદ પૂર્ણિમાનો પાવન અવસર સનાતન પરંપરામાં અત્યંત વિશિષ્ટ સ્થાન ધરાવે છે. શરદ ઋતુમાં આવતી હોવાથી તેને 'શરદ પૂર્ણિમા', નવા અનાજના પૂજનના કારણે 'નવાન્ન પૂર્ણિમા' તથા રાત્રિ જાગરણના મહત્ત્વથી 'કોજાગરી પૂર્ણિમા' કહેવામાં આવે છે. શ્રીમદ્ ભાગવત અનુસાર આ જ પવિત્ર તિથિએ ભગવાન શ્રીકૃષ્ણએ વ્રજમંડળમાં દિવ્ય રાસોત્સવ મનાવ્યો હતો.

'કો જાગર્તિ' પરથી બન્યું કોજાગરી

માન્યતા અનુસાર આસો પૂર્ણિમાની મધ્યરાત્રિએ માતા લક્ષ્મી ચંદ્રમંડળમાંથી પૃથ્વી પર પધારે છે અને પૂછે છે—'કો જાગર્તિ?' અર્થાત્ 'કોણ જાગી રહ્યું છે?'. જે મનુષ્ય જાગૃત અને સાવચેત રહી ઈશ્વર આરાધના કરે છે, તેને દેવી લક્ષ્મી ધન, ધાન્ય અને સમૃદ્ધિથી સંતુષ્ટ કરે છે. આ દિવસે બ્રહ્માંડમાં આદિશક્તિની ઈચ્છાશક્તિના સ્પંદનો કાર્યરત રહે છે, જેનાથી મનોદેહની શુદ્ધિ અને કાર્યબળની પ્રાપ્તિ થાય છે.

★ઈન્દ્રદેવ અને મહાલક્ષ્મીની પૂજા★

આ રાત્રિએ ઐરાવત પર આરૂઢ ઈન્દ્રદેવ તથા માતા લક્ષ્મીનું વિશેષ પૂજન કરવામાં આવે છે. લક્ષ્મીજી આહ્લાદદાયક અને ઈન્દ્રદેવ શીતળતા પ્રદાન કરનારા દેવ છે. પૂજામાં વિશેષ રૂપે પૌંઆ અને નાળિયેર પાણી નો નૈવેદ્ય અર્પણ કરવામાં આવે છે. પૌંઆ આનંદ તેમજ નાળિયેર



પાણી શીતળતાનું કારક હોવાથી તે વાતાવરણની સકારાત્મક ઊર્જાને આકર્ષિત કરે છે.

ચાંદનીમાં અમૃતમય દૂધ અને આરોગ્ય લાભ

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં (૧૦:૨૧) શ્રીકૃષ્ણએ ચંદ્રમાના ગુણોના કારણે પોતાને 'નક્ષત્રોમાં ચંદ્ર' કહ્યા છે. આ રાત્રે સ્વચ્છ ચાંદનીમાં ઘટ્ટ કરેલા દૂધનો ચંદ્રદેવને નૈવેદ્ય ધરાવવામાં આવે છે. દૂધમાં ચંદ્રનું પ્રતિબિંબ જોવાથી ચંદ્રતત્ત્વ અને કિરણોના માધ્યમથી અમૃતની પ્રાપ્તિ થાય છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, આ રાત્રે ચંદ્ર દેવોના વૈદ્ય 'અશ્વિનીકુમાર'ના આધિપત્યવાળા ★અશ્વિની નક્ષત્ર★માં રહે છે, જેથી ચંદ્રના કિરણોથી અસાધ્ય રોગોના નિવારણમાં સહાય મળે છે. આખી રાત જાગરણ કરવામાં આવે છે અને સવારે પારણાં સાથે વ્રત પૂર્ણ થાય છે.

સાઈ પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર દ્વારા ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત 'નશા મુક્ત ભારત' જાગૃતિ કાર્યક્રમનું આયોજન

'નશા મુક્ત યુવા, વિકસિત ભારત' — પરંપરાગત ભારતીય રમતો, ઝુમ્બા અને ઊર્જાસભર ફિટનેસ પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને સ્વસ્થ અને નશામુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેરિત કર્યા



ગાંધીનગર, ગુજરાત, ૨૪ ઑક્ટોબર ૨૦૨૬: ભારતીય રમતગમત પ્રાધિકરણ (જીછેં), પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર દ્વારા ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત સ્રૂ ભારતના સહયોગથી ગાંધીનગરના અડાલજ સ્થિત હાર્ટફુલનેસ સેન્ટર ખાતે 'નશા મુક્ત ભારત' જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'નશા મુક્ત યુવા, વિકસિત ભારત'ની થીમ પર આધારિત આ કાર્યક્રમમાં દેશના વિવિધ ભાગોમાંથી આવેલા યુવાનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનો હેતુ ફિટનેસને પ્રોત્સાહન આપવાનો, પરંપરાગત ભારતીય રમતોને પુનર્જીવિત કરવાનો તથા નશીલા પદાર્થોના સેવનથી થતા નુકસાન અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રોત્સાહિત તથા કેન્દ્રીય યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રી શ્રી મનસુખ માંડવિયા દ્વારા આગળ વધારવામાં આવતી ફિટનેસ સંબંધિત પહેલો વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. યુવાનોને રમતગમતમાં ભાગ લેવા, ફિટનેસને દૈનિક જીવનનો ભાગ બનાવવા તથા સક્રિય, શિસ્તબદ્ધ અને નશામુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરીને આવી પહેલો સ્વસ્થ અને સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપે છે.

આ કાર્યક્રમમાં પાંચ રાજ્યો—બિહાર, ઓડિશા, તેલંગાણા, આંધ્ર પ્રદેશ અને હિમાચલ પ્રદેશ—તથા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાંથી આશરે ૫૦૦ સહભાગીઓએ ભાગ લીધો હતો. સહભાગીઓને રાજ્યવાર ટીમોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા, જેના કારણે પરસ્પર સહયોગ, ટીમ ભાવના અને સ્વસ્થ સ્પર્ધાનું ઉત્સાહસભર વાતાવરણ સર્જાયું હતું. વિવિધ પ્રવૃત્તિઓ દરમિયાન સહભાગીઓએ ઉત્સાહ, દૃઢ નિશ્ચય અને રમતગમતની ભાવનાનું પ્રદર્શન કર્યું હતું તથા એકબીજાને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમની શરૂઆત સ્વાગત પ્રવચન અને સામૂહિક વૉર્મ-અપ સત્રથી થઈ હતી. ત્યારબાદ પર્વતારોહક અને ફિટ ઇન્ડિયા મૂવમેન્ટનાં બ્રાન્ડ એમ્બેસેડર સુશ્રી નિશા કુમારીએ સહભાગીઓને સંબોધિત કર્યા હતા અને 'નશા મુક્ત ભારત'ની પ્રતિજ્ઞા લેવડાવી હતી. સહભાગીઓએ તમાકુ, દારૂ અને અન્ય નશીલા પદાર્થોથી દૂર રહેવા તથા સ્વસ્થ પસંદગીઓને પોતાના દૈનિક જીવનનો ભાગ બનાવવાનો સંકલ્પ લીધો હતો.કાર્યક્રમમાં પરંપરાગત ભારતીય રમતો અને રસપ્રદ ફિટનેસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં લગોરી, રસ્સાખેંચ, કોથળા દોડ, 'નશા મુક્ત ભારત' સ્નેક્સ એન્ડ લેડર્સ, 'નોક આઉટ નશા' કેન ટોસ, 'ચૂઝ ફિટનેસ' રિંગ ટોસ, ફિટ ઇન્ડિયા ફિટનેસ ચેલેન્જ અને પેનલ્ટી શૂટ-આઉટનો સમાવેશ થતો હતો. વિવિધ પ્રવૃત્તિ ક્ષેત્રોમાં એકસાથે યોજાયેલી આ રમતો દ્વારા સહભાગીઓની ચપળતા, ઝડપ, સંકલન, ચોકસાઈ અને ટીમવર્કની કસોટી થઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન નિષ્પક્ષ રમત, પરસ્પર પ્રોત્સાહન અને ટીમ ભાવના જોવા મળી હતી.

કાર્યક્રમમાં યોજાયેલા ઉત્સાહસભર ઝુમ્બા સત્રે વાતાવરણને વધુ ઊર્જાસભર બનાવ્યું હતું. સંગીત, હલનચલન અને સામૂહિક કસરત દ્વારા સહભાગીઓએ ફિટનેસનો આનંદ માણ્યો હતો. આ સત્ર દ્વારા સંદેશ આપવામાં આવ્યો હતો કે શારીરિક રીતે સક્રિય રહેવું આનંદદાયક પણ બની શકે છે. પરંપરાગત રમતોએ યુવાનોને ભારતની રમતગમતની વિરાસત સાથે જોડાવાની તક આપી હતી, જ્યારે ફિટનેસ પ્રવૃત્તિઓએ તેમનામાં શિસ્ત, ધૈર્ય અને સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન આપ્યું હતું.કાર્યક્રમ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં પર્વતારોહક અને ફિટ ઇન્ડિયા મૂવમેન્ટનાં બ્રાન્ડ એમ્બેસેડર સુશ્રી નિશા કુમારીએ જણાવ્યું હતું કે, "મને આજનો કાર્યક્રમ ખૂબ ગમ્યો, કારણ કે તે યુવાનો સુધી નશામુક્તિનો સંદેશ પહોંચાડવાની સાથે અગાઉ વ્યાપકપણે રમાતી પરંપરાગત રમતોને પુનર્જીવિત કરવાનો પ્રયાસ પણ કરે છે. આજના ઘણા યુવાનો આ રમતો વિશે જાણતા નથી, તેથી આવી પહેલો દ્વારા તેમને આ રમતો સાથે પરિચિત કરાવવામાં આવે છે તે આનંદની વાત છે."

આ પ્રસંગે સાઈ પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગરનાં સહાયક નિયામક શ્રીમતી ઈશ્તપ્રીત કૌર ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે આ પહેલ સાથે જોડાણ બદલ સુશ્રી નિશા કુમારીને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માનિત કર્યા હતાં.

કાર્યક્રમના ઉદ્દેશ્ય પર પ્રકાશ પાડતાં જિલ્લા યુવા અધિકારી આયુષે જણાવ્યું હતું કે, "અમે ઇચ્છીએ છીએ કે આપણો દેશ સંપૂર્ણપણે નશામુક્ત બને અને યુવાનો નશીલા પદાર્થોના સેવનથી દૂર રહે, જેથી આપણે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરી શકીએ. આ ઉદ્દેશ્ય સાથે યુવાનોની ઊર્જાને યોગ્ય દિશામાં વાળવા માટે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે."

કાર્યક્રમના સમાપન પ્રસંગે પરંપરાગત રમતો અને ફિટનેસ પ્રવૃત્તિઓના વિજેતાઓને તેમના પ્રદર્શન, ઉત્સાહ અને રમતગમતની ભાવના બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્રૂ ભારત ગુજરાતના રાજ્ય નિયામક શ્રી સચિન શર્મા તથા જિલ્લા યુવા અધિકારી, જામનગર, શ્રી વિશાલ નાગરાલે પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમના આયોજકો, સ્વયંસેવકો અને સહભાગીઓએ પણ ભાગ લીધો હતો.ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત સાઈ પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર દ્વારા સ્રૂ ભારતના સહયોગથી આયોજિત આ કાર્યક્રમ દ્વારા 'નશા મુક્ત યુવા, વિકસિત ભારત'ના સંદેશને વધુ મજબૂત બનાવવામાં આવ્યો હતો. પરંપરાગત રમતો, ટીમ આધારિત પડકારો અને ઝુમ્બા દ્વારા યુવાનોની ઊર્જાને સકારાત્મક રમતગમત પ્રવૃત્તિઓ તરફ વાળવામાં આવી હતી તથા તેમને નશાને ના અને ફિટનેસને હા કહેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.



તા.૨૪-૧૦૨૦૨૬ શનિવાર સવારે સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન ટ્રસ્ટ,સાથ સહકાર ફાઉન્ડેશન,ગાયત્રી પરિવાર નારણપુરા તથા લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલના સંયુક્ત ઉપક્રમે"મનો દિવ્યાંગ બાળકોના શરોદોત્સવ-ગરબા"કાર્યક્રમમાં સવારે ૯.૦૦ ૧૦.૩૦ ચા નાસ્તો.૧૦.૩૦ થી ૧૨.૩૦ ગરબા ૧૨.૩૦ થી ૧.૦૦ પ્રાઈઝ ડિસ્ટ્રિબ્યુશન ૧.૦૦ થી ૨.૩૦ લંચ દરમ્યાન ૨૦૦ મનોદિવ્યાંબાળકો,પેરેન્ટ્સ,ટીચર તથા મહેમાનો મોટી સંખ્યામાં ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.સ્થળ:-વારાહીમાતાનો મંદિર હોલ,અગિયારસ માતાના મંદિરની પાસે, રેલ્વે લાઈન,નવા વાડજ કોસિંગ. દરેક મનોદિવ્યાગ બાળકોને ગિફ્ટ તથા શ્રેષ્ઠ ગરબા ભાગ લેનાર બાળકોને ઈનામથી સન્માનવામાં આવ્યા હતા. છેલ્લા દસ વર્ષથી ઉપરોક્ત કાર્યક્રમની નિયમિત ઉજવણી થાય છે.દીપ પ્રાગટ્ય:રૂસીના પટેલ સાથ સહકાર ફાઉન્ડેશન-પૂર્વ કોર્પોરેટર થલતેજ,આમંત્રિત મહેમાનોએ કર્યું હતું.મોટી સંખ્યામાં વાલીગણ, શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

અત્યાધુનિક સ્વાસ્થ્ય સેવાઓની ભેટઃ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૩. ૫૦૦ કરોડથી વધુના આરોગ્ય પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પ્રિવેન્શન, હેલ્થ પ્રમોશન અને એફોર્ડેબલ ટ્રીટમેન્ટની ત્રિવેણીથી આરોગ્ય સુખાકારી ક્ષેત્રે મોટું ટ્રાન્સફરમેશન આવ્યું છે" : મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ



૦૦૦૦

આરોગ્ય સુવિધાઓનો મહાકુંભ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દ્વારા 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરનું ખાતમુર્હુત સહિત વિવિધ આરોગ્ય પ્રકલ્પોનું કરાયું ઇ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત

૦૦૦૦૦૦૦

અમદાવાદ માં ૩.૨૨૩ કરોડના ખર્ચે આકાર લેશે અત્યાધુનિક 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર': ૫૨૧ પથારીની ક્ષમતા સાથે ગુજરાત બનશે ન્યુરોલોજી સારવારનું હબ

રાજ્યના ખૂણે-ખૂણા સુધી ગુણવત્તાયુક્ત અને સંવેદનાસભર સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવાના દ્રઢ સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૩. ૫૦૦ કરોડથી પણ વધુના આરોગ્યલક્ષી વિકાસ પ્રકલ્પોની મહાભેટ આપવામાં આવી હતી.અમદાવાદ ખાતે યોજાયેલા આરોગ્ય પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા અને સમર્પણના ૨૫ વર્ષોમાં દેશ અને રાજ્યના આરોગ્ય ક્ષેત્રે મોટું પરિવર્તન આવ્યું છે. 'सर्वे भवंतु सुखीनः सर्वे संतु निरामयाः'ની ભાવના સાકાર કરવા તરફ આજે ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે વધુ એક મક્કમ ડગલું ભર્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રિવેન્શન, હેલ્થ પ્રમોશન અને એફોર્ડેબલ ટ્રીટમેન્ટની ત્રિવેણી દ્વારા 'હોલિસ્ટિક હેલ્થ કેર'નો અભિગમ અપનાવવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યું હતું કે,એક સમયે ગંભીર બીમારીના કારણે પરિવારો આર્થિક દેવામાં ડૂબી જતા હતા, પરંતુ આયુષ્માન ભારત યોજના હેઠળ ૩. ૧૦ લાખ સુધીની મફત સારવાર આપી ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકોને આર્થિક સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. રાજ્યમાં ૨.૮૭ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ એનાયત કરાયા છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે આંકડાકીય વિગતો આપતાં જણાવ્યું કે,વર્ષ ૨૦૦૧-૦૨માં માત્ર ૮ મેડિકલ કોલેજો હતી, જે વધીને ૨૦૨૫-૨૬માં ૪૩ થઈ છે. એમ.બી.બીએસની બેઠકો ૧,૩૭૫થી વધીને ૭,૫૨૫ થઈ છે. આરોગ્ય ક્ષેત્રે ભવિષ્યના આયોજનની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં એઇમ્સ કાર્યરત થઈ છે અને જામનગરમાં વિશ્વનું પ્રથમ 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન' આકાર લઈ રહ્યું છે. અમદાવાદ મેડિસિટી ખાતે ૩. ૨૨૩ કરોડના ખર્ચે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે, જે સ્ટ્રોક, બ્રેઇન ટ્યુમર અને ન્યૂરો સંબંધિત જટિલ બીમારીઓ માટે અદ્યતન સારવાર અને સંશોધન પૂરું પાડશે. નાગરિકોને 'હેલ્થ કેર અંડર વન અમ્બ્રેલા' સેવાઓ મળી રહે તે માટે અમદાવાદની જેમ હવે વસઈ અને કામરેજ ખાતે અંદાજે ૩. ૩૦૦૦ કરોડના ખર્ચે નવી મેડિસિટી વિકસાવવાનું આયોજન છે. સાથો સાથ ગાંધીનગર અને સુરતમાં પણ કાર્ડિયોલોજી તથા ન્યૂરોલોજીની સેવાઓનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે સહિતની વિગતો આપી હતી મુખ્યમંત્રીશ્રીએ તબીબો અને આરોગ્ય કર્મચારીઓને અપીલ કરતાં જણાવ્યું કે, માત્ર રોગનું નિદાન અને સારવાર જ નહી, પરંતુ દર્દી અને તેના પરિવારમાં વિશ્વાસ જગાવી માનસિક સહારો આપવો એ આપણું નૈતિક કર્તવ્ય છે. વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવા માટે 'સ્વસ્થ ગુજરાત'નું નિર્માણ કરવા સૌ સાથે મળીને કટિબદ્ધ બનીએઆરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત આરોગ્ય ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. ૩. ૫૦૦ કરોડથી વધુના ખર્ચે રાજ્યભરમાં ૨૫૫ જેટલી આરોગ્ય સંસ્થાઓના લોકાર્પણ અને ખાતમુહૂર્તથી છેવાડાના નાગરિક સુધી શ્રેષ્ઠ તબીબી સુવિધાઓ પહોંચશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે ૩. ૨૨૩ કરોડના ખર્ચે નિર્માણ પામનારી ૫૮,૦૦૦ ચોરસ મીટર વિસ્તાર ધરાવતી ૫૨૫ બેડ અને ૧૩ અદ્યતન ઓપરેશન થિયેટર યુક્ત 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર' જટિલ ન્યૂરો સંબંધિત બીમારીઓ માટે સંજીવનીરૂપ સાબિત થશેતેમણે ઉમેર્યું હતું કે, આગામી સમયમાં આ જ સંકુલમાં એક સુસજ્જ 'સ્પાઇન હોસ્પિટલ'નું પણ આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને ઘરઆંગણે જ વિશ્વસ્તરીય સારવાર મળી રહેશે.મંત્રીશ્રીએ રાજ્યના આરોગ્યકર્મીઓ, ડૉક્ટરો અને આશા વર્કરોની નિષ્ઠાપૂર્વકની કામગીરીને બિરદાવતા કહ્યું હતું કે, ટીબી મુક્તિ, ચાંદીપુરા વાયરસ તથા મલેરિયા નિયંત્રણ અને માતૃ-બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં ગુજરાતે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. તેમણે ઓર્ગન ડોનેશનમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહેલી ગુજરાતની હોસ્પિટલો અને ૧૪૦૦થી વધુ ૧૦૮ એમ્બ્યુલન્સની અવિરત ઈમરજન્સી સેવાઓ રાજ્યના દરેક નાગરિકના સ્વાસ્થ્યની સુરક્ષા માટે કટિબદ્ધ છે તેમ જણાવ્યું હતુ અત્રે ઉલ્લેખનીય છે કે ×દર્દીને પોતાના વિસ્તારમાં જ સમયસર નિદાન અને યોગ્ય સારવાર મળે× તેવા ઉદાત્ત હેતુથી ૩. ૧૮૫ કરોડના ખર્ચે નવનિર્મિત ૨૫૫ આરોગ્ય સુવિધાઓનું ઈ-લોકાર્પણ અને ૩. ૩૪૭ કરોડના ખર્ચે થનારી ૪૫ નવી આરોગ્ય ક્ષેત્રે વિકાસ કામગીરીઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે અમદાવાદ ખાતે ૩. ૨૨૩ કરોડના ખર્ચે આકાર લેનાર 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર'નું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું,જે ગુજરાત અને પડોશી રાજ્યોના દર્દીઓ માટે અત્યાધુનિક ન્યુરો સારવારનું નવું આશાકિરણ બનશે.ગુજરાતના નાગરિકોને ઘરઆંગણે સમયસર નિદાન, યોગ્ય સારવાર અને માનવીય સંવેદનાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના દ્રઢ સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રી દ્વારા ૩. ૫૦૦ કરોડથી વધુના આરોગ્યલક્ષી વિકાસ કાર્યોની મહાભેટ આપવા માં આવી હતી

આ પ્રસંગે ૩. ૨૨૩ કરોડના ખર્ચે વિકસાવવામાં આવનાર 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર' નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું,આ સંસ્થા ૫૮,૮૩૧ ચોરસ મીટર બિલ્ટ-અપ વિસ્તારમાં આકાર લેશે અને તે ૫૨૧ પથારીની ક્ષમતા ધરાવશે. આ સેન્ટરમાં ૨૮૮ જનરલ વોર્ડ બેડ, ૧૬૦ આઈ.સી.યુ. બેડ, ૫૭ સ્પેશિયલ અને સેમી-સ્પેશિયલ બેડ તેમજ ૧૬ ટ્રાયેજ બેડની સુવિધા ઉપલબ્ધ રહેશે.

આ સંસ્થામાં ૧૩ આંતરરાષ્ટ્રીય ધોરણના ઓપરેશન થિયેટર, ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી, ઈમરજન્સી રેડિયોલોજી, અત્યાધુનિક પ્રયોગશાળા , બ્લડ બેંક, સેન્ટ્રલ સ્ટેરાઈલ સર્વિસિસ વિભાગ , ન્યુમેટિક ટ્યુબ સિસ્ટમ અને ઈન-હાઉસ ન્યુરો-રિહેબિલિટેશન સેન્ટર જેવી વર્લ્ડ-ક્લાસ સુવિધાઓનો સમાવેશ થાય છે.આ સેન્ટર ગુજરાત ઉપરાંત આસપાસના રાજ્યો માટે પણ અદ્યતન ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી સારવારનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે. સ્ટ્રોક, મગજ અને કરોડરજ્જુની જટિલ બીમારીઓ, અકસ્માતમાં થતી ન્યુરોલોજિકલ ઈજાઓ તથા લાંબા ગાળાના પુનર્વસન માટે આ સંસ્થા દર્દીઓ અને તેમના પરિવારો માટે નવી આશા પૂરી પાડશે.આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા,મેયર હિતેશ બારોટ, જિલ્લા પંચાયત પ્રમુખ સુરજીતસિંહ ગોહિલ,સાંસદ સભ્ય સર્વે દિનેશ મકવાણા,હસમુખ પટેલ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અધિક મુખ્ય સચિવરાજીવ ટોપનો, ધારાસભ્ય સર્વે અમુલભાઈ ભટ્ટ, કૌશિક જૈન, શહેરી આરોગ્ય કમિશનર ડો સંધ્યા ભૂલ્લર,ગ્રામ્ય આરોગ્ય કમિશનર રતનકવર ગઢવી ચારણ, અધિક નિયામક ડો નીલમ પટેલ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા

અમદાવાદના ઈસનપુરમાં આજે ૨૦૦ વર્ષ જૂની પરંપરા હેઠળ વારાહી માતાજીની પલ્લી, ઘેર-ઘેર પ્રસંગ જેવો માહોલ



અમદાવાદના ઈસનપુરમાં ૨૦૦ વર્ષથી વધુ સમયથી વારાહી માતાજીની પલ્લીનો પવિત્ર ઉત્સવ શ્રદ્ધાપૂર્વક ઉજવાય છે. આસો સુદ તેરસના દિવસે આયોજિત આ ઉત્સવમાં આખું ગામ જોડાય છે. રાત્રે ગરબા બાદ સવારે કાચી કેરી અને ચુરમાના લાડુના પ્રસાદ સાથે પલ્લીને વળાવાય છે. દુઃખદ પ્રસંગે પણ ચુરમાના લાડુ ધરાવવાની પરંપરા છે. આ ઉત્સવ ગ્રામજનોની સામાજિક એકતાનુંપ્રતીકછે.અમદાવાદના ઈસનપુરમાં વારાહી માતાજીની પલ્લીનો પવિત્ર ઉત્સવ વર્ષોથી શ્રદ્ધા અને પરંપરા સાથે ઉજવવામાં આવે છે. આશરે ૨૦૦ વર્ષથી વધુ સમયથી ચાલી આવતી આ પરંપરા મુજબ આસો સુદ તેરસના દિવસે માતાજીની પલ્લીનું આયોજન થાય છે. આ પ્રસંગે આખું ગામ માતાજીની આરાધનામાં જોડાય છે. રાત્રે ગરબા દ્વારા માતાજીની ભક્તિ કરવામાં આવે છે અને સવારે શ્રદ્ધાભેર પલ્લીને વળાવવામાં આવે છે. ગાંધીનગરના રૂપાલમાં યોજાતી વારાહી માતાજીની પલ્લી ઘીના અભિષેક માટે જાણીતી છે. તેવી જ રીતે અમદાવાદના ઈસનપુરમાં પણ પલ્લીનો ઉત્સવ વિશેષ ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. આ ઉત્સવ ઈસનપુરના લોકો માટે માત્ર ધાર્મિક પરંપરા જ નહી, પરંતુ સામાજિક એકતા અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાનો અવસર પણ છેરાત્રે ગરબા, સવારે પલ્લીને વળાવા શઈસનપુરના પટેલવાસમાંવારાહીમાતાજીની પલ્લી તૈયાર કરવામાં આવે છે. રાત્રિના સમયે ગ્રામજનો એકત્ર થઈને ગરબા રમે છે અને માતાજીની આરાધના કરે છે. આખી રાત ભક્તિ અને ગરબાના માહોલ બાદ સવારે પલ્લીને વળાવવામાં આવે છે. આ પ્રસંગે ગામના લોકો ઉત્સાહપૂર્વક સહભાગી બને છે. જાણે દરેક ઘરમાં કોઈ પ્રસંગ હોય એવો માહોલ સર્જાય છે. પલ્લીનો આ ઉત્સવ ગામની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સુરક્ષા સાથે જોડાયેલી શ્રદ્ધાનું પ્રતીક છે.કાચી કેરી ધરાવવાનીઅનોખી પરંપરાઈસનપુરની પલ્લી સાથે કાચી કેરી ધરાવવાની વિશેષ પરંપરા પણ જોડાયેલી છે. સામાન્ય રીતે કેરી ઉનાળામાં મળતું ફળ છે, પરંતુ અહીં પલ્લીના પ્રસંગે કાચી કેરી માતાજીની માંડવીમાં ધરાવવામાં આવે છે. માન્યતા અનુસાર, દેવીપૂજક સમાજના એક વ્યક્તિને માતાજીએ સ્વપ્નમાં આવીને આ પ્રેરણા આપી હતી. ત્યારથી આ પરંપરા જળવાઈ રહી છે અને આંબા પરથી કાચી કેરી લાવીને માતાજીની માંડવીમાં ધરાવવામાં આવે છે.દુઃખદ પ્રસંગે પણ ચુરમાના લાડુનો પ્રસાદપલ્લી સાથે ચુરમાના લાડુના પ્રસાદની પણ વિશેષ પરંપરા જોડાયેલી છે. ગામમાં કોઈના ઘરે દુઃખદ ઘટના બની હોય તો પણ માતાજી માટે ચુરમાના લાડુનો પ્રસાદ તૈયાર કરવામાં આવે છે. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે, પરંતુ માતાજી પ્રત્યેની શ્રદ્ધા અડગ રહે છે, એવી આ પરંપરા સાથે માન્યતા જોડાયેલી છે. આમ, ઈસનપુરની વારાહી માતાજીની પલ્લી ધાર્મિક આસ્થા સાથે ગામની સામાજિક એકતા અને સંસ્કૃતિને મજબૂત બનાવતો ઉત્સવ બની રહી છે. પેઢી દર પેઢી જળવાતી આ પરંપરા આજે પણ ગ્રામજનોને એકસાથે જોડે છે.

સમસ્ત બ્રહ્મસમાજ નું ગૌરવ એકજ પરિવારના ત્રણેય ભાઈ-બહેન પી.એચ.ડી સ્કોલર

ભાવનગરઃ જ્ઞાન એ એવી જ્યોત છે જે એક દીવાથી બીજા દીવાને પ્રગટાવે છે. ભાવનગરના જોષી પરિવારે આ ઉક્તિને સાર્થક કરી બતાવી છે. એક જ ઘરના ત્રણેય ભાઈ-બહેને ઉચ્ચ શિક્ષણનું શિખર સર કરી સમસ્ત બ્રહ્મસમાજનું ગૌરવ અને કીર્તિ વધારી છે.પરિવારની લાડલી દીકરી ડૉ. ગુંજનબેન હરકિશનભાઈ જોષી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, સેંદરડા ખાતે શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. તેમણે ×પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાઃ આચાર્યો, શિક્ષકો અને વાલીઓની દૃષ્ટિએ વિષય પરડૉ. ધીરજલાલ રાઠોડ સાહેબનાંમાર્ગદર્શન હેઠળ સંશોધન કરી તા. ૨૧/૧૦/૨૦૨૬ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાંથી ૅર.ઢ.ની પદવી પ્રાપ્ત કરી છે.

જ્યારે સર ભાવસિંહજી પોલીટેકનિક ભાવનગર ખાતે પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પાર્થભાઈ "Development of Self Compacting Concrete Using Ceramic Waste" વિષય પર એન્જિનિયરિંગ શાખામાં ડૉ. દિવ્યકુમાર પારેખ સાહેબનાં માર્ગદર્શન હેઠળ સંશોધન કરી તા. ૨૩/૧૦/૨૦૨૬ના રોજ ્રે કેમ્પસ અમદાવાદ ખાતે સફળતાપૂર્વક ૅર.ઢ.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે.Awareness and Uses of E-Resources in Secondary Teacher Education" વિષય પર ડૉ. સુરેશચંદ્ર દવે સાહેબનાં માર્ગદર્શન હેઠળ શોધકાર્ય પૂર્ણ કરી ભાવનગર યુનિવર્સિટીમાં થીસીસ સબમિટ કરી દીધી છે અને હવે ફાઇનલ વાઇવાની તારીખની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.આસિદ્ધિ અંગેમાતા મંજુલાબેને હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે સંતાનોની આ સફળતાથી તેમનું હૃદય ગૌરવથી ભરાઈ ગયું છે. વૈદિક કાળથીજ બ્રહ્મસમાજ ઉચ્ચ શિક્ષાના આદાન પ્રદાન સાથે જોડાયેલ છે અને મારા ત્રણેય સંતાનોએ ૅર.ઢ ડિગ્રી વડે તેમનું આ બ્રહ્મ કર્મ અને ધર્મ જાળવી રાખ્યું તેનો આનંદ છે. સ્વ. પિતાશ્રી હરકિશનભાઈ જોષીએ વાવેલા સંસ્કાર અને શિક્ષણના બીજ આજે વટવૃક્ષ બનીને જોષી પરિવારનું માન વધાર્યું છે. દિવંગત પિતાનું સ્વપ્ન સંતાનોએ સાકાર કર્યું છે. એક જ પરિવારના ત્રણેય ભાઈ-બહેન ૅર.ઢ. સ્કોલર બન્યા હોય તેવું કદાચ



ગુજરાતનું આ એકમાત્ર ઘર હોય તો નવાઈ નહી.

ભાવનગર ઔદિચ્ય ઝાલાવાડી ૪૫૦ બ્રાહ્મણ સમાજનાં હોદ્દેદાર તથા ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ તરુણભાઈવ્યાસે જણાવ્યું કે, ×સમગ્ર જ્ઞાતિ અને બ્રહ્મ સમાજને આ પરિવાર પર ગૌરવ છે. આવો ગૌરવવંતો ઈતિહાસ ભાવનગરના નામે જ નોંધાયો છે અને ભવિષ્યમાં પણ રહેશે."જોષી પરિવારની આ યશગાથા આવનારી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે. તે સાબિત કરે છે કે સંસ્કાર પરિશ્રમ અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા હોય, તો કોઈ શિખર દૂરનથી.

CCTV | અમદાવાદઃ સનાથલ નજીકના વેરહાઉસમાંથી ?૧ કરોડના ગેઝેટ્સની ચોરી, પતરુ તોડીને તસ્કરો અંદર આવ્યા હતા



અમદાવાદના સનાથલ સર્કલ પાસે આવેલા નવાપુરા ગામની સીમમાં આવેલા વેરહાઉસમાંથી ?૧ કરોડના કિંમતી ગેઝેટ્સની ચોરી થઈ છે. તસ્કરો રાત્રિના સમયે વેરહાઉસના પતરા તોડીને અંદર પ્રવેશ્યા હતા અને ૪૦ આઈફોન-૧૭, ૩૦ આઈફોન-૧૬, ૧૫ ડેલ લેપટોપ, ૧૧ એચપી લેપટોપ, ૩૬ એપલ વોચ, ૨૦ આઈપેડ કીબોર્ડ સહિતનો મુદ્દામાલ લઈ ફરાર થયા હતા. ચાંગોદર પોલીસે ગુનો નોંધી ઝઝ્ફ ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે. અમદાવાદના સનાથલ સર્કલ પાસે આવેલા નવાપુરા ગામની સીમ સ્થિત એક કંપનીના વેરહાઉસમાંથી રાતના સમયે તસ્કરોએ રૂપિયા એક કરોડના કિંમતી ગેઝેટ્સની ચોરી કરી હોવાની ઘટના ઘટી છે. જેમાં આઈફોન, આઈપેડ, એપલ વોચ અને લેપટોપ સહિતના મુદ્દામાલનો સમાવેશ થાય છે. સીસીટીવી ફુટેજ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, વેરહાઉસ પાછળના ખુલ્લા ખેતરમાંથી તસ્કરો આવ્યા હતા અને વેરહાઉસનું પતરુ ખોલીને મુદ્દામાલની ચોરી કરી ગયા હતા. આ અંગે ચાંગોદર પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.સનાથલનજીકનાવેરહાઉસમાંથી ?૧ કરોડના ગેઝેટ્સની ચોરીમળતી માહિતી મુજબ, જગતપુર ગોદરેજ ગાર્ડન સિટીમાં રહેતા સુધીર નાયર સનાથલ સર્કલ પાસે આવેલા નવાપુરા ગામની સીમમાં આવેલા ઈન્ગ્રામ માઈક્રો કંપનીના વેરહાઉસમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત ૨૧ ઓક્ટોબરની રાત્રે એકથી અઢી વાગ્યા દરમિયાન સિક્યોરીટી ગાર્ડે તપાસ કરતા વેરહાઉસના પાછળના ભાગના પતરા તુટેલા જણાયા હતા. જેથી તપાસ કરતા જણાયુ કે વિવિધ પાર્સલ તુટેલા હતા અને તેમાંથી કિંમતી સામાન ગાયબ હતો. જે અંગે સુધીરને જાણ કરવામાં આવતા તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.મેનેજરે વધુ તપાસ કરતા ૪૦ નંગ આઈફોન-૧૭, ૩૦ નંગ આઈફોન-૧૬, ૧૫ ડેલ કંપનીના લેપટોપ, ૧૧ એચપી કંપનીના લેપટોપ,૩૬ એપલની વોચ,૨૦ આઈપેડ કી બોર્ડ, આઈપેડ પ્રો અને લેપટોપની બેગ સહિત કુલ ૧ કરોડનો મુદ્દામાલ ચોરીથયોહતો.પોલીસેપાડોશીવેરહાઉસના સીસીટીવી તપાસ કરતા પાછળના ખેતરથી આવેલા લોકોએ પતરા તોડીને પ્રવેશ કરીને ચોરી કરી હતી. બાદમાં એજ રસ્તેથી નાસી ગયા હતા. ચાંગોદર પોલીસની સાથે અમદાવાદ ગ્રામ્ય એલસીબી સહિતના સ્ટાફ દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ ચોરીમાં કોઈ ચોક્કસ જાણભેદુ વ્યક્તિની સંડોવણીની શક્યતા છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat